વડોદરામાં નશાકારક દવાઓના કાળાબજારનો પર્દાફાશ

યુવાધનના સ્વાસ્થ્ય સાથે ખેલતી શિવાની મેડિસિનનું લાયસન્સ કાયમી રદ કરાયું

પ્રિસ્ક્રિપ્શન વગર નશો પિરસતી મેડિકલ એજન્સી સામે ઔષધ નિયામક તંત્રની લાલ આંખ

(પ્રતિનિધિ), વડોદરા. તા.6

વડોદરા શહેરના નવાયાર્ડ વિસ્તારમાં દવાના ઓઠા હેઠળ નશાનો વેપાર કરતી એક મોટી માછલી પર ખોરાક અને ઔષધ નિયામક તંત્ર (FDCA) એ તવાઈ બોલાવી છે. લોકોના સ્વાસ્થ્યના ભોગે નફો રળી આપનારને છોડવામાં નહીં આવે તેવા મક્કમ નિર્ધાર સાથે, તંત્રએ 'મેસર્સ શિવાની મેડિસિન' નામના મેડિકલ સ્ટોરનું લાયસન્સ કાયમી ધોરણે રદ કરી તેના શટર હંમેશા માટે પાડી દીધા છે. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ જ્યારે આ સ્ટોર પર દરોડો પાડવામાં આવ્યો, ત્યારે પરિસ્થિતિ ચોંકાવનારી હતી. તપાસ અધિકારીઓને માલૂમ પડ્યું હતું કે, અહીં જે દવાઓ માત્ર મનોચિકિત્સકની સલાહ અને પ્રિસ્ક્રિપ્શનથી જ મળવી જોઈએ, તે મીઠાઈની જેમ વહેંચાઈ રહી હતી. અહીંથી નશા માટે પ્રખ્યાત Nitrazepam અને Alprazolam જેવી સાઈકોટ્રોપિક દવાઓ કોઈ પણ કાગળિયા વગર વેચાઈ રહી હતી. ખાંસી માટે વપરાતી પરંતુ નશાખોરોની પ્રથમ પસંદગી એવી PB-REX અને BESCODEX જેવી 5 પ્રકારની દવાઓનો મોટો જથ્થો શંકાસ્પદ રીતે ગાયબ હતો અથવા હિસાબ વગર વેચાયો હતો. શિવાની મેડિસિનનો ગુનાહિત રેકોર્ડ વર્ષો જૂનો છે. તંત્રએ તેને અનેકવાર ચેતવણી આપી હતી, પરંતુ લાલચના લોભમાં આ સ્ટોર સંચાલકે કાયદાની અવગણના કરવાનું ચાલુ રાખ્યું હતું. 2019 માં પહેલીવાર ગંભીર ગેરરીતિ પકડાતા તંત્રએ 30 દિવસ માટે લાયસન્સ સસ્પેન્ડ કરીને નરમ વલણ દાખવ્યું હતું. બે વર્ષ બાદ ફરીથી તપાસમાં નશાકારક સીરપનું ગેરકાયદે વેચાણ પકડાયું હતું. તાજેતરની તપાસમાં માલૂમ પડ્યું કે આ વેપારી તંત્રની નોટિસને ઘોળીને પી ગયો છે. સંતોષકારક જવાબ આપવાને બદલે ગેરકાયદે વેપાર ચાલુ રાખતા, આખરે લાયસન્સ કાયમી ધોરણે રદ કરવાનો નિર્ણય લેવાયો છે. વડોદરા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે સ્પષ્ટ સંકેત આપ્યો છે કે આગામી દિવસોમાં શહેરના અન્ય વિસ્તારોમાં પણ સઘન તપાસ કરવામાં આવશે.

નવાપુરા વિસ્તારમાથી ગૌમાંસના જથ્થા સાથે એક ઝડપાયો

વડોદરા : વડોદરા શહેરના નવાપુરા વિસ્તારમાં પોલીસે રેડ કરીને શંકાસ્પદ ગૌમાંસના વેચાણ અંગે પોલીસે કાર્યવાહી કરતા એક આરોપીને ઝડપી પાડ્યો છે જ્યારે બીજો આરોપી ફરાર હોવાનું બહાર આવ્યું છે. પોલીસે સ્થળ પરથી માંસનો જથ્થો તથા અન્ય સામગ્રી જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. વડોદરા શહેરના અલગ અલગ વિસ્તારોમાંથી વારંવાર ગૌમાનો જથ્થો ઝડપાતો હોય છે ત્યારે નવાપુરા પોલીસે અન્સારી મહોલ્લામાં રેડ કરીને આરોપી મોહંમદ સોએબ ઉર્ફે લલ્લુ ઐયુબ શેખને શંકાસ્પદ માસના જથ્થા સાથે પકડી પાડ્યો હતો, જ્યારે તબરેઝ કુરેશી (રહે. બાવામાનપુરા, નુરાની મસ્જીદ પાસે) પોલીસ રેઈડ દરમિયાન સ્થળ પર હાજર ન મળી આવતા ફરાર જાહેર કર્યો છે. પોલીસે વેચાણ માટે લાવવામાં આવેલો આશરે 16.650 કિલો ગૌમાંસનો શંકાસ્પદ જથ્થો મળી આવ્યો હતો.

પીડિતાની જાણ બહાર ગર્ભપાતની દવા આપી દેતા મૃત બાળકીને જન્મ આપ્યો

લગ્નની લાલચ આપી શરીર સંબંધ બાંધતા યુવતી ગર્ભવતી બની

આરોપીએ અન્ય યુવતી સાથે લગ્ન કરી લીધા હોવાના પણ પીડિતાનો આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા તા.6

વડોદરાના ગોરવા વિસ્તારમાં એક યુવતી સાથે પ્રેમ સંબંધ રાખી લગ્ન કરવાની લાલચ આપીને આરોપીએ વારંવાર શારીરિક સંબંધ બાંધ્યા હતા. જેના કારણે પીડીતાને ગર્ભ રહી ગયો હતો. ત્યારબાદ આરોપીએ લગ્ન કરવાની ના પાડી દીધી હતી. પીડિતાને પેટમા દુખાવો થતા આરોપીએ ગર્ભપાતની દવા આપતા તેને મૃત બાળકી જન્મી હતી. આખરે પીડીતા ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે. મૂળ ઝાલોદ તાલુકાના બિયામાળી ગામના રહેવાસી આરોપી વિપુલ સોમા વસૈયા હાલ ગોત્રી પાણીની ટાંકી નજીક રહે છે. વિપુલ વસોયા અને પીડિતા છેલ્લા પાંચ વર્ષથી પ્રેમ સંબંધમાં હતા. આ દરમિયાન આરોપીએ લગ્ન કરવાની લાલચ આપી પીડિતાને વડોદરાના વિવિધ સ્થળો પર લઈ જઈ તેમની સાથે શારીરિક સંબંધ બાંધ્યા હતા. વારંવાર દુષ્કર્મ ગુજારવાના કારણે પાંચ મહિના પહેલા ગોરવા પીડિતા ગર્ભવતી બની હતી. જેના કારણે પીડિતાએ વિપુલ વસૈયા સાથે લગ્ન કરવા માંગણી કરી હતી પરંતુ આરોપીએ ઇન્કાર કર્યો અને તેના પર ઉશ્કેરાઈને માર માર્યો હતો ઉપરાંત તેણીને ગર્ભ કાઢી નાખવાની ધમકી પણ આપતો હતો. એટલું જ નહીં, આરોપીએ પીડિતાની જાણ બહાર બીજી યુવતી સાથે લગ્ન કરી લીધા હોવાનું પણ સામે આવ્યું છે. પીડિતાને પેટમાં દુખાવો થવા લાગતા આરોપીએ દુખાવાની ગોળીઓ હોવાનું કહી પાતની દવા આપી હતી. જે ગર્ભપાત માટેની હોવાનું બાદમાં બહાર આવ્યું હતુ. પીડિતાએ ગોળીઓ લેતા સારવાર દરમિયાન ગર્ભપાત થઈ ગયો અને મૃત હાલતમાં બાળકીનો જન્મ થયો હતો. આ સમગ્ર ઘટનાને લઈ પીડિતાની ફરિયાદના આધારે ગોરવા પીઆઈ કે.એન. લાઠીયા સહીતની ટીમ દ્વારા આરોપીની શોધખોળ હાથ ધરવામાં આવી રહી છે.

પરિવાર અંતિમવિધિ માટે બહાર જતા તસ્કરોએ ખેલ પાડ્યો

યાકુતપુરામાં રૂ. 4.14 લાખના દાગીના અને રોકડની ચોરી

(પ્રતિનિધિ) વડોદરા તા.6

વડોદરાના યાકુતપુરા વિસ્તારમાં એક પરિવારના બંધ મકાનમાં ઘૂસી અજાણ્યા ચોરોએ તિજોરી તોડી રૂ. 4.14 લાખના દાગીના અને રોકડની ચોરી કરી ફરાર થઈ ગયા હતો. દરમિયાન ક્રાઈમ બ્રાન્ચે આ ચોરને મુદ્દામાલ વેચાણ કરવાની ફિરાગમાં ફરતો હોય ઝડપી પાડ્યો હતો. યાકુતપુરા વિસ્તારમાં રહેતા વસીમઅહમદ મકસુદઅહમદના પરિવારજનો દાદીની અંતિમવિધિ માટે હાલોલ ગયા હતા, ત્યારે અજાણ્યા તસ્કરોએ તેમના બંધ મકાનને નિશાન બનાવ્યું હતું. તેઓએ તા. 25 એપ્રિલે મકાનને તાળું મારી પાડોશીને ચાવી સોંપી હતી. તા. 27 એપ્રિલે પરત આવ્યા બાદ થોડા દિવસોમાં તિજોરીની ચાવી ગુમ હોવાનું ધ્યાનમાં આવતા લોક તોડવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન તિજોરીમાંથી સોનાની ચેઈન, વીંટી, પેન્ડલ, બૂટ્ટી, બાલી સહિતના દાગીના સાથે રોકડા રૂપિયા 15 હજાર અને યુ.કે.ના 250 પાઉન્ડ મળી રૂ. 4.14 લાખની ચોરી થયાનું બહાર આવ્યું હતું. સીટી પોલીસ સ્ટેશનમાં ચોરીની ફરિયાદ નોંધાઈ હતી ત્યારે ક્રાઈમ બ્રાન્ચે સીસીટીવી ફૂટેજના આધારે અનસ ખરીદ દૂધવાલા રહે બહાર કોલોની આજવા રોડને ગણતરીના કલાકોમાં જ ઝડપી પાડ્યો છે તેની પાસેથી સોનાના દાગીના રોકડ રકમ અને યુકેના પાઉન્ડ મળી રૂ. 3.86 લાખનો મુદ્દામાલ રિકવર કરાયો છે.

ડિપ્લોમા એન્જિનિયરિંગમાં પ્રવેશ પ્રક્રિયા 8 મેથી શરૂ

(પ્રતિનિધિ) વડોદરા,તા.6

રાજ્યમાં ડિપ્લોમા એન્જિનિયરિંગ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની પ્રક્રિયા તા. 8 મે, 2026થી શરૂ થવા જઈ રહી છે. પ્રવેશ સમિતિ દ્વારા જાહેર કરાયેલા સમયપત્રક મુજબ વિદ્યાર્થીઓ 19 જૂન સુધી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે.રાજ્યની 153 ડિપ્લોમા કોલેજોની કુલ 69,987 બેઠકો પર પ્રવેશ ફાળવવામાં આવશે. ધોરણ-10 પછી ટેકનિકલ ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા ઇચ્છતા વિદ્યાર્થીઓ માટે આ મોટી તક છે. પ્રવેશ પ્રક્રિયા સંપૂર્ણપણે ઓનલાઈન પોર્ટલ દ્વારા હાથ ધરવામાં આવશે.વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન સમયે ધોરણ-10ની માર્કશીટ, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, જાતિનો દાખલો અને અન્ય જરૂરી દસ્તાવેજો અપલોડ કરવાના રહેશે. મેરિટ લિસ્ટ જાહેર થયા બાદ ચોઈસ ફિલિંગ, મોક રાઉન્ડ અને ફાઈનલ એલોટમેન્ટની પ્રક્રિયા હાથ ધરાશે.

માતા સાથે છેલ્લી વાત બાદ મોબાઇલ બંધ આવતા 10 દિવસ લાપતા હોય પરિવાર ચિંતીત

MBBSના ગુમ વિદ્યાર્થીની અનેક શહેરોમાં શોધખોળ છતાં પત્તો નહીં

હોસ્ટેલમાંથી ગુમ થયા બાદ SBIના ATMમાં વિદ્યાર્થી જોવા મળ્યો હતો.

(પ્રતિનિધિ) વડોદરા તા.6

વડોદરા શહેરની બરોડા મેડિકલ કોલેજમાં અભ્યાસ કરતો 21 વર્ષનો MBBSનો વિદ્યાર્થી છેલ્લા 10 દિવસથી લાપતા હોવાથી પરિવાર ચિંતા મુકાઈ ગયો છે. પોલીસ દ્વારા પણ અલગ અલગ શહેરોમાં તપાસ પરંતુ વિદ્યાર્થીનો કોઈ હજુ પતો મળ્યો નથી. બરોડા કોલેજમાં એમબીબીએસ નો અભ્યાસ કરતો આ વિદ્યાર્થી 26 એપ્રિલે વડોદરા આવી પહોંચ્યો હતો અને પિતાને ફોન કરી સુરક્ષિત પહોંચ્યાની જાણ કરી હતી. ત્યારબાદ 27 એપ્રિલે સાંજે તેની માતા સાથે છેલ્લી વાર વાતચીત થઈ હતી. આ પછી તેનો મોબાઇલ સતત સ્વીચ ઓફ આવતા પરિવારજનોમાં ચિંતા વ્યાપી ગઈ હતી. પરિવારજનો વડોદરા પહોંચી વિદ્યાર્થીના બોયઝ હોસ્ટેલમાં તપાસ કરતા તેનો રૂમ બહારથી લોક મારેલો મળી આવ્યો હતો. મિત્રો અને ઓળખીતાઓ પાસેથી પણ કોઈ ચોક્કસ માહિતી મળી નથી. શોધખોળ દરમિયાન પરિવારજનો વડોદરા રેલવે સ્ટેશન, બસ સ્ટેન્ડ સહિત અનેક સ્થળોએ તપાસ કરી રહ્યા છે. ઉપરાંત અમદાવાદ, ગોધરા અને રાજસ્થાનના કોટા સુધી જઈ તપાસ કરવામાં આવી છે, છતાં વિદ્યાર્થીનો કોઈ પત્તો લાગ્યો નથી. CCTV ફૂટેજ અનુસાર વિદ્યાર્થી છેલ્લે સયાજી હોસ્પિટલ સામે આવેલા SBI ATM પરથી પૈસા ઉપાડતો જોવા મળ્યો હતો. જાણવા મળ્યું છે કે તે અભ્યાસના આઠમા સેમેસ્ટરમાં એટીકેટી ધરાવતો હતો, જેના વિશે પરિવારને બાદમાં જાણ થઈ હતી. આ મામલે રાવપુરા પોલીસ સ્ટેશનમાં અરજી આપવામાં આવી છે. પોલીસ દ્વારા શહેરના વિવિધ CCTV ફૂટેજ ચેક કરવામાં આવી રહ્યા છે તેમજ કોલ ડીટેઈલની પણ તપાસ ચાલી રહી છે. તેમ છતાં વિદ્યાર્થીનો મોબાઈલ હાલ બંધ જ છે. દસ દિવસ થવા આવ્યા છતાં પુત્રનો કોઈ પતો નહીં લાગતા પરિવાર પણ ચિંતિત બન્યો છે.

વડોદરામાં કૈલાશ વિજયવર્ગીયનું નિવેદન

'મમતા બેનર્જી રાજીનામું આપે કે ન આપે, કંઈ જ ફરક નહીં પડે'

વડોદરાઃ મધ્યપ્રદેશના કેબિનેટ મંત્રી અને ભાજપના કદાવર નેતા કૈલાશ વિજયવર્ગીય આજે વડોદરાની ટૂંકી મુલાકાતે આવ્યા હતા. વડોદરા એરપોર્ટ પર તેમના રોકાણ દરમિયાન મીડિયા સાથેની ખાસ વાતચીતમાં તેમણે પશ્ચિમ બંગાળની વર્તમાન રાજકીય સ્થિતિ અને વિપક્ષના નકારાત્મક વલણ પર આકરા પ્રહારો કર્યા હતા. બંગાળના રાજકારણથી સુપેરે પરિચિત એવા વિજયવર્ગીયએ મમતા બેનર્જી પર કટાક્ષ કરતા જણાવ્યું હતું કે, હવે મમતા બેનર્જી રાજીનામું આપે કે નહીં તેનાથી કોઈ જ ફરક પડવાનો નથી. પશ્ચિમ બંગાળમાં ભાજપના વધતા પ્રભુત્વ અંગે વાત કરતા મંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે બંગાળની જનતાએ રાષ્ટ્રીય સુરક્ષા અને વિકાસના મુદ્દે ભારતીય જનતા પાર્ટી પર પસંદગી ઉતારી છે. તેમણે ઉમેર્યું હતું કે, આગામી 8 તારીખ પછી રાજ્યનું રાજકીય ચિત્ર સંપૂર્ણપણે સ્પષ્ટ થઈ જશે. મતગણતરી બાદ ભાજપ અગાઉ કરતા વધુ મજબૂત શક્તિ તરીકે ઉભરી આવશે અને બંગાળના રાજકારણમાં મોટું પરિવર્તન જોવા મળશે. ચૂંટણી પરિણામો પહેલા જ વિરોધ પક્ષો દ્વારા ઈવીએમ (EVM) અને ચૂંટણી પંચની નિષ્પક્ષતા પર જે સવાલો ઉઠાવવામાં આવી રહ્યા છે, તેની કૈલાશ વિજયવર્ગીયએ આકરી ટીકા કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે, વિપક્ષી નેતાઓ પોતાની સંભવિત હારને જોઈ ગયા છે અને તે પચાવી શકવાની ક્ષમતા તેમનામાં નથી.

નગરસેવકનું ઘર 200 મીટર દૂર છતાં પાલિકાની બેદરકારીથી સ્થાનિકોમાં ઉગ્ર રોષ

અકોટામાં ગટર ઉભરાઈ, 'સ્માર્ટ સિટી'ના પોકળ દાવા વચ્ચે જનતા નરકાગારમાં

(પ્રતિનિધિ) વડોદરા તા.6

સંસ્કારી નગરી વડોદરાને સ્માર્ટ સિટી બનાવવાની વાતો વચ્ચે શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલ અકોટામાં પાલિકાની પ્રિ-મોન્સૂન કામગીરી અને મેન્ટેનન્સના લીરેલીરા ઉડ્યા છે. અકોટા વિસ્તારના સુબેદાર કમ્પાઉન્ડ પાસે છેલ્લા કેટલાય સમયથી ગટરના પાણી ઉભરાવાની સમસ્યાએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે, જેના કારણે સ્થાનિક રહીશો નરકાગાર જેવી સ્થિતિમાં જીવવા મજબૂર બન્યા છે. સુબેદાર કમ્પાઉન્ડ અને તેની આસપાસની સોસાયટીઓમાં ગટરના ગંદા પાણી ઉભરાઈને હવે મુખ્ય માર્ગ સુધી પહોંચી ગયા છે. ગંદા પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા ન હોવાને કારણે સમગ્ર વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ પ્રસરી ગઈ છે. રાહદારીઓ અને વાહનચાલકોને આ ગંદા પાણીમાંથી પસાર થવું પડી રહ્યું છે, જેને પગલે સ્થાનિકોમાં વડોદરા મહાનગર સેવા સદન વિરુદ્ધ ઉગ્ર આક્રોશ જોવા મળી રહ્યો છે. રહીશોનો આક્ષેપ છે કે અનેકવાર રજૂઆતો કરવા છતાં તંત્ર ઘોર નિદ્રામાં છે અને કોઈ નક્કર કામગીરી કરવામાં આવતી નથી. આ ગંભીર મુદ્દે કોંગ્રેસના કાર્યકર સચિન માયાવંશીએ તંત્ર અને સ્થાનિક પ્રતિનિધિઓ પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે જણાવ્યું હતું કે, જે સ્થળે ગટરના પાણી ઉભરાઈ રહ્યા છે, ત્યાંથી માત્ર 200 મીટરના અંતરે જ સ્થાનિક નગરસેવકનું નિવાસસ્થાન આવેલું છે. લોકપ્રતિનિધિના ઘરની આટલી નજીક આટલી મોટી સમસ્યા હોવા છતાં તેનું નિરાકરણ ન આવવું એ વહીવટી તંત્રની નિષ્ફળતા અને બેદરકારી સાબિત કરે છે. ગંદા પાણીને કારણે વિસ્તારમાં મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે અને નાના બાળકો તેમજ વૃદ્ધોમાં રોગચાળો ફેલાવાની ભીતિ સેવાઈ રહી છે. સ્થાનિક રહીશોએ ચીમકી ઉચ્ચારી છે કે જો આગામી 24 કલાકમાં આ ગટર લાઈનનું સમારકામ કરી ગંદા પાણીનો નિકાલ કરવામાં નહીં આવે, તો તેઓ કોર્પોરેશનની કચેરી ખાતે હલ્લાબોલ કરશે. હાલ તો અકોટા વિસ્તારની જનતા ગટરના ગંદા પાણીમાં થી પસાર થઈને તંત્રની નિષ્ક્રિયતા પર ફિટકાર વરસાવી રહી છે.

ભારતીય રેલ્વેને મળ્યા 9000 HPના સુપર પાવરફુલ લોકોમોટિવ્સ

વડોદરાઃ ભારતીય રેલ્વેએ 9000 હોર્સપાવર ક્ષમતા ધરાવતા D9 ઈલેક્ટ્રિક ફ્રેઈટ લોકોમોટિવ્સની વ્યાવસાયિક કામગીરી શરૂ કરીને રેલ ફ્રેઈટ આધુનિકીકરણમાં મહત્વપૂર્ણ માઈલસ્ટોન હાંસલ કર્યો છે. સિમેન્સ દ્વારા વિકસાવવામાં આવેલા આ લોકોમોટિવ્સ વિશ્વના સૌથી શક્તિશાળી ફ્રેઈટ લોકોમોટિવ્સમાં ગણાય છે અને તે 120 કિમી પ્રતિ કલાક સુધીની ગતિ હાંસલ કરી શકે છે. D9 લોકોમોટિવ્સ ભારતીય રેલ્વેનું પ્રથમ એવું રોલિંગ સ્ટોક બન્યું છે જેને યુરોપિયન સ્ટાન્ડર્ડ EN 14363 મુજબ સફળતાપૂર્વક પ્રમાણિત કરવામાં આવ્યું છે. કોન્ટ્રાક્ટ બાદ માત્ર 36 મહિનામાં કોમર્શિયલ ઓપરેશન્સ શરૂ થવું આ સ્તરના પ્રોજેક્ટ માટે દુર્લભ અને ઝડપી સિદ્ધિ માનવામાં આવી રહી છે. આ પ્રોજેક્ટ હેઠળ લોકોમોટિવ્સનું ઉત્પાદન ગુજરાતના દાહોદ ખાતે કરવામાં આવી રહ્યું છે.

બે અજાણ્યા યુવકો સાથે વાતચીતના CCTV ફૂટેજ સામે આવ્યા

ઉમા ચાર રસ્તા પાસે ઊભેલી વિદ્યાર્થિની પર ચાકુથી હુમલો

(પ્રતિનિધિ) વડોદરા તા.6

વડોદરા શહેરના વાઘોડિયા રોડ ઉમા ચાર રસ્તા પાસે ઊભેલી વિદ્યાર્થિની પાસે બાઈક પર બે શખ્સ આવ્યા હતા. થોડી વાત કર્યા બાદ તેણી ઉપર બે પૈકી એક શખશે ચાકુ જેવા ધારદાર હથિયારથી હુમલો થયો કરીને ફરાર થઈ ગયા હતા. જોકે પોલીસ ને આ સમગ્ર યુવતી દ્વારા દર્શાવાયેલી ઘટના શંકાસ્પદ જણાઈ રહી છે. જેને લઈને પોલીસે ખરેખર ઘટના બની છે કે પછી વિદ્યાર્થીને નાટક કર્યું છે તેની સામે તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, એક વિદ્યાર્થિની કોમ્પ્યુટર ક્લાસમાંથી ઘરે પરત ફરી રહી હતી ત્યારે ઉમા ચાર રસ્તાથી પાણીગેટ તરફ જતાં પાણીગેટ ફાયર સ્ટેશન નજીક બે અજાણ્યા યુવકોએ તેને રોકી હતી. વિદ્યાર્થિનીના જણાવ્યા મુજબ, યુવકોએ પહેલા તેને કેફી પીણું આપ્યું અને ત્યારબાદ ધારદાર હથિયારથી હુમલો કર્યો હતો. જો કે, પોલીસ તપાસ દરમિયાન કેટલીક વિસંગતતાઓ સામે આવી છે. ઘટનાસ્થળના CCTV ફૂટેજમાં વિદ્યાર્થિની બે યુવકો સાથે શાંતિથી વાતચીત કરતી નજરે પડે છે. ઉપરાંત, તબીબી તપાસમાં વિદ્યાર્થિનીને કોઈ ગંભીર ઈજા કે ચાકુના ઘા જેવા નિશાન મળી આવ્યા નથી, માત્ર સામાન્ય ઈજા નોંધાઈ છે. ઘટના બાદ વિદ્યાર્થિનીએ તરત જ પોતાના પરિવારજનોને ફોન કરીને જાણ કરી હતી.

ત્યારબાદ પરિવારજનો દ્વારા તેને તાત્કાલિક સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. પોલીસે CCTV ફૂટેજ કબજે લઈ તપાસ શરૂ કરી છે. પ્રાથમિક રીતે આ બનાવ પ્રેમ પ્રકરણ સાથે સંકળાયેલો હોઈ શકે તેવી આશંકા વ્યક્ત કરાઈ છે. હાલ પોલીસે હકીકત શું છે તે જાણવા માટે વધુ તપાસ ચાલુ કરી છે.

ધારાસભ્ય શૈલેષ મહેતાની કૃષિ મંત્રીને રજૂઆત

જુવાર, મકાઈ અને બાજરીની ટેકાના ભાવે ખરીદી શરૂ કરવા માગણી

(પ્રતિનિધિ), વડોદરા. તા.6

રાજ્યમાં રવિ માર્કેટિંગ સીઝન 2026-27 અંતર્ગત ખેડૂતો પાસેથી જુવાર, મકાઈ અને બાજરીની ટેકાના ભાવે ખરીદીની પ્રક્રિયામાં વેગ લાવવા ડભોઈના ધારાસભ્ય શૈલેષ મહેતા (સોટ્ટા) એ રાજ્યના કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીને પત્ર લખીને મહત્વની રજૂઆતો કરી છે. ખેડૂતોના હિતમાં વહેલી તકે ખરીદી શરૂ કરવા સાથે પ્રક્રિયામાં પારદર્શકતા લાવવા માટે ધારાસભ્યએ ચાર મુખ્ય મુદ્દાઓ પર ભાર મૂક્યો છે. ધારાસભ્યએ જણાવ્યું છે કે જુવાર અને મકાઈની ખરીદીમાં મોટા કાંટાનો ઉપયોગ કરવામાં આવે તો પ્રક્રિયા વધુ ઝડપી અને પારદર્શક બની શકે છે. હાલમાં ખેડૂતોને આખો દિવસ બેસી રહેવું પડે છે, જેના બદલે મોટા કાંટા પર વજન કરવાથી શુદ્ધ વજન મળે અને રેશનીંગની ગાડીઓ આવે ત્યારે તોલવામાં થતી અડચણો દૂર કરી શકાય. સામાન્ય રીતે જુવાર કે મકાઈના કટ્ટાનું તોલ કર્યા બાદ તેને સીધા થપ્પીમાં નાખવામાં આવે છે, જેના કારણે ઘણીવાર ખેડૂતોને ગણતરીમાં ભૂલ પડે છે. આ બાબતે ખેડૂત અને તોલાટ વચ્ચે ઘર્ષણના પ્રસંગો બને છે. ધારાસભ્યએ આ પ્રક્રિયા સુધારવા વિનંતી કરી છે જેથી ખેડૂત સંતોષ અનુભવે. જે ખેડૂતોએ નોંધણી કરાવી છે તેમનું લિસ્ટ બજાર સમિતિ (APMC) પાસે હોવું જોઈએ. જો કોઈ ખેડૂતનું ખાતું બ્લોક હોય તો તે સમયસર જરૂરી ડોક્યુમેન્ટ આપીને પોતાનું ખાતું ચાલુ કરાવી શકે અને ખરીદીના સમયે તેને મુશ્કેલી ન પડે. નોંધણી વખતે વૃદ્ધ ખેડૂતો, નોકરીયાત વર્ગ અને મહિલાઓના ફિંગર સ્કેન કરવામાં આવ્યા હોય છે.

ધારાસભ્યએ સૂચવ્યું છે કે જો બિલ બનાવતી વખતે જ ખેડૂતનું ફિંગર સ્કેન કરી લેવામાં આવે, તો બિનજરૂરી સમયનો બગાડ અટકે અને ખેડૂતોને હેરાનગતિ ન થાય. ધારાસભ્ય શૈલેષ મહેતાની આ રજૂઆતથી સ્થાનિક ખેડૂતોમાં ખુશીની લહેર જોવા મળી રહી છે.